રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૩૯૪ કેસ, ૨૯ના મૃત્યુ

અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૭૯ કેસ : સુરતમાં ૩૫, વડોદરામાં ૩૦, ગાંધીનગરમાં ૧૧ તેમજ સાબરકાંઠામાં ૧૪ કેસ : ૨૪૩ દર્દીને ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર,તા.૨૪

ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે અને આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૯૪ કોરોના કેસો નોંધાયા છે અને ૨૪૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ લોકોના મૃત્યુ થયા છે. મૃત્યુમાં ૧૫ પુરુષ અને ૧૪ સ્ત્રીનો સમાવેશ થાય છે. જમાંથી અમદાવાદમાં ૨૮ અને સુરતમાં એકનું મોત થયું છે. અમદાવાદના ૨૭૯, સુરત ૩૫, વડોદરા, ૩૦, ગાંધીનગર ૧૧, ભાવનગર અને આણંદમાં ૧-૧, રાજકોટમાં ૫, અરવલ્લીમાં ૧, મહેસાણા, પંચમહાલ, મહીસાગરમાં ૨-૨ ખેડામાં ૩, જામનગરમાં ૧, સાબરકાંઠામાં ૧૪ દાહોદમાં ૪, વલસાડમાં ૧ કેસો નોંધાયા છે. રાજય સરકારની હેલ્પલાઈન નંબર-૧૦૪ ઉપર નિયમિત રીતે વ્યકિતઓ મદદ માંગી રહયા છે અને માહિતી મેળવી રહયા છે.

જયારે હેલ્પલાઈન ઉપર વ્યકિતઓ પોતાના લક્ષણોની વિગતો આપે તો આવા વ્યકિતઓને પણ નિરીક્ષણ હેઠળ લઈ જરૂરી સારવાર પુરી પાડવામાં આવી રહી છે. વેન્ટીલેટર કેર તાલીમ સંદર્ભે વિગતો આપતા ડો.રવિ જણાવ્યું કે, રાજયના ડાકટરો અને પેરામેડીકલ સ્ટાફને વેન્ટીલેટર કેરની તાલીમ રાજયની મેડીકલ કોલેજોમાં તા.૨૧/૦૩/૨૦૨૦ થી શરૂ કરેલ હતી અને તા.૩૦/૦૩/૨૦૨૦ સુધીમાં તાલીમ આપવામાં આવેલ હતી.

વધુમાં તા.૦૧/૦૪/૨૦૨૦ થી રાજયના ૨૮ બીજા સેન્ટરો ખાતે આ તાલીમ શરૂ કરી છે. એટલું જ નહિ, ૨૩૬૭ તબીબો, ૧૩૦૦ જેટલા આયુષ, ૨૬૦ ફીજીયોથેરાપીસ્ટ, ૨૬૬ ડેન્ટલ સર્જન અને ૫૦૦૦ જેટલા સ્ટાફ નર્સને કોવિડ-૧૯ ને લગતી આનુષંગિક તાલીમ આપવામાં આવશે. સરકાર પર હવે સજ્જ દેખાઈ રહી છે. લોકોને અપીલ કરવામાં આવી રહી છે કે કામ સિવાય ઘરની બહાર નીકળવુ નહીં. ત્યારે લોકો પણ કામ સિવાય ઘરની બહાર નીકળી રહ્યા નથી. ગુજરાતમાં કોરોના કેર હજુ પણ યથાવત જ રહ્યો છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૧૦૨૮૦	૬૯૭	૪૦૫૧
સુરત	૧૩૨૦	૬૧	૮૯૭
વડોદરા	૮૩૬	૩૫	૪૯૭
ગાંધીનગર	૨૨૧	૧૦	૧૧૪
ભાવનગર	૧૧૫	૦૮	૯૧
બનાસકાંઠા	૯૯	૦૪	૭૮
આણંદ	૯૧	૦૯	૭૫
રાજકોટ	૯૨	૦૨	૫૫
અરવલ્લી	૯૯	૦૩	૭૭
મહેસાણા	૧૦૧	૦૪	૫૫
પંચમહાલ	૭૪	૦૬	૬૩
બોટાદ	૫૬	૦૧	૫૪
મહીસાગર	૮૧	૦૧	૪૧
ખેડા	૬૨	૦૩	૩૦
પાટણ	૭૧	૦૪	૩૦
જામનગર	૪૭	૦૨	૩૧
ભરૂચ	૩૭	૦૩	૨૮
સાબરકાંઠા	૭૭	૦૩	૨૦
ગીર-સોમનાથ	૪૪	૦૦	૨૧
દાહોદ	૩૬	૦૦	૧૮
છોટાઉદેપુર	૨૨	૦૦	૨૧
કચ્છ	૬૪	૦૧	૧૨
નર્મદા	૧૫	૦૦	૧૩
દેવભૂમિ દ્વારકા	૧૨	૦૦	૧૧
વલસાડ	૧૯	૦૧	૦૪
નવસારી	૧૫	૦૦	૦૮
જૂનાગઢ	૨૬	૦૦	૦૪
પોરબંદર	૦૬	૦૦	૦૪
સુરેન્દ્રનગર	૨૩	૦૦	૦૩
મોરબી	૦૩	૦૦	૦૨
તાપી	૦૬	૦૦	૦૨
ડાંગ	૦૨	૦૦	૦૨
અમરેલી	૦૪	૦૦	૦૦
અન્ય રાજ્ય	૦૭	૦૦	૦૦
કુલ	૧૪૦૬૩	૮૫૮	૬૪૧૨

રિક્વરી રેટમાં ગુજરાત ૧૩માં ક્રમે

ગાંધીનગર,તા.૨૪

ગુજરાત રાજયમાં કોરોનાનો પ્રકોપ વધતો વધતો જાય છે, ત્યારે રાજયમાં કુલ ચેપગ્રસ્તોની સંખ્યા ૧૩ હજારને પાર પહોંચી છે. જ્યારે ગુજરાતમાં કોરોનાના દર્દીઓને હરાવનારની સંખ્યામાં સતત સુધારો થઈ રહ્યો હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાત આ મામલે અન્ય રાજયોની સરખામણીમાં ૧૩માં સ્થાને છે. ગુજરાતમાં ૨૨ મેની સ્થિતિએ કુલ ૧૩૨૭૩ કેસમાંથી ૫૮૮૦ દર્દીઓ સાજા થયા છે. આમ, ગુજરાતમાં હાલ કોરોનાનો રીક્વરી રેટ ૪૨.૫૧ % થઇ ગયો છે.

ગુજરાતમાં અગાઉની સરખામણીએ રીક્વરી રેટમાં ચોક્કસ સુધારો થયો છે. પરંતુ તેનાથી હજુ ખાસ હરખાવવા જેવું પણ નથી. કારણકે દેશના જે રાજ્યોમાં કોરોનાનો રીક્વરી રેટ સૌથી વધુ હોય તેમાં ગુજરાત હજુ ટોચના ૧૨ રાજ્યોમાં પણ નથી. ૨૨ મેની સ્થિતિ પ્રમાણે પંજાબમાં સૌથી વધુ ૮૯.૬૯ ટકા રીક્વરી રેટ છે. મતલબ કે, પંજાબમાં નોંધાયેલા કુલ કેસમાંથી ૧૮૪૭ વ્યક્તિ સાજી થઈ ગઈ છે. પંજાબમાં અત્યારસુધી કોરોનાથી ૩૯ વ્યક્તિના મૃત્યુ થયા છે.

કોરોનાનો સૌથી વધુ રીક્વરી રેટ ધરાવતા રાજ્યોમાં કેરળ ૭૩.૯૧ ટકા સાથે બીજા સ્થાને છે. કેરળમાં નોંધાયેલા ૭૩૩ કેસમાંથી ૫૧૨ વ્યક્તિ સાજી થઈ ગઈ થઈ ગઈ છે અને ત્યાં અત્યારસુધી કુલ પાંચ વ્યક્તિના મૃત્યુ થયા છે. હરિયાણા આ યાદીમાં ૬૬.૦૫ ટકા સાથે ત્રીજા સ્થાને છે. ત્યાં અત્યારસુધી ૧૦૬૭ કેસમાંથી ૭૦૬ વ્યક્તિ સાજી થઈ ગઈ છે. કોરોનામાં સૌથી વધુ રીકવ્રી રેટ ધરાવતા રાજ્યોમાં ગુજરાત હાલમાં ૧૩માં સ્થાને છે. કોરોનાના સૌથી વધુ કેસમાં જ નહીં રીક્વરી રેટમાં પણ તામિલનાડુ ગુજરાત કરતા આગળ છે.તામિલાડુમાં નોંધાયેલા કુલ ૧૪૭૫૩ કેસમાંથી ૭૧૨૮ વ્યક્તિ સાજી થઈ ગઈ છે. આમ, તેનો રીક્વરી રેટ ૪૪.૯૮ ટકા છે. સમગ્ર દેશના સંદર્ભમાં કહેવામાં આવે તો કુલ ૧.૨૫ લાખ કેસમાંથી ૫૧૮૩૬ વ્યક્તિ સાજી થઈ ગઈ છે. અને રીક્વરી રેટ ૪૧.૪૩ ટકા છે.

રાજ્યમાં ૨૫ દિવસથી ૩૦૦થી વધુ કેસ નોંધાયા છે

રાજ્યમાં પ્રથમ કેસ ૧૯ માર્ચે નોંધાયો હતો ત્યારબાદથી હજુ સુધી ૬૬ દિનમાં ૧૩૬૬૯ કેસો નોંધાયા ચુક્યા છે

ગાંધીનગર, તા. ૨૪

લોકડાઉનના ૬૧મા દિવસે અમદાવાદમાં ૨૭૭ કેસ નોંધાયા છે પરંતુ તે સિવાય ૧૮ જિલ્લાઓમાં પણ કોરોનાના કેસનો સિલસિલો હજી યથાવત્ રહ્યો છે. આઘાતજનક હકીકત છે કે, છેલ્લા ૨૫ દિવસથી રાજ્યમાં દરરોજ નોંધાતા કેસોની સંખ્યા ૩૦૦ થી વધુ જ રહી છે. શનિવારે સાંજે રાજ્ય સરકારે જાહેર કરેલા આંકડા મુજબ, અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪ લોકોના કોરોનાથી મોત થયા છે. જેમાં સરેરાશ એક કલાકે એક મૃત્યુ નોંધાયું છે. આ ઉપરાંત સુરતા ૩ મળી ૨૭ લોકોના એક દિવસમાં મોત થતા કુલ મૃત્યુઆંક ૮૨૯ પર પહોંચ્યો છે. ગુજરાતમાં કોરોનાનો પહેલો કેસ ૧૯ માર્ચના રોજ નોંધાયો હતો. ત્યારે ૬૬ દિવસે કોરોનાના કેસોની સંખ્યા ૧૩૬૬૯ થઈ છે, જેમાંથી પહેલી વખત ૭૩ દર્દી વેન્ટિલેટર પર છે. શનિવાર સાંજ સુધી છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસે વધુ ૨૭ લોકોનો ભોગ લીધો છે. તેની સાથે રાજ્યમાં અત્યાર સુધી મોતને ભેટેલા દર્દીઓની સંખ્યા ૮૨૯ થઈ ગઈ છે. ચોંકાવનારી બાબત એ છે કે, તેમાંથી ૨૭૬ દર્દીઓ એવા હતા જેમને કોરોનાના સંક્રમણ પહેલા અન્ય કોઈ બિમારી નહોતી. જ્યારે ૫૫૩ દર્દીઓના મોત પાછળ કોરોના વાયરસ ઉપરાંત કો-મોર્બિડ અવસ્થા જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. સમગ્ર રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં જે ૩૯૬ કેસ નોંધાય છે. તેમાં અમદાવાદમાં સૌથી વધુ ૨૭૭ કેસ, સુરતમાં ૨૯, વડોદરામાં ૩૫, ગાંધીનગરમાં ૯, આણંદમાં ૩, રાજકોટમાં ૪, અરવલ્લીમાં ૫, મહેસાણામાં ૪, મહીસાગર અને ખેડામાં ૨-૨, ગીરસોમનાથમાં ૬, પાટણમાં ૨, નવસારીમાં ૧, જૂનાગઢમાં ૮, પોરબંદરમાં ૧,સુરેન્દ્રનગરમાં ૨, મોરબીમાં ૧, તાપીમાં ૧ તેમજ અમરેલીમાં ૨ કેસનો સમાવેશ થાય છે. ૨૪ કલાકમાં કુલ ૨૮૯ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાહ હતાં. જેમાં અમદાવાદમાંથી ૨૦૬, સુરતમાંથી ૨૮, ગાંધીનગરમાંથી ૯, વડોદરામાંથી ૧૫, પંચમહાલ અને ભાવનગરમાંથી ૨-૨, દેવભૂમિ દ્વારકામાંથી ૭ અને કચ્છમાંથી ૬, ખેડામાંથી ૧, મહેસાણામાંથી ૩, અરવલ્લીમાંથી ૧, જામનગરમાંથી ૫ અને પોરબંદરમાંથી ૧ તેમજ પાટણમાંથી ૩ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૬૧૬૯ વ્યક્તિઓએ કોરોના સામેની લડાઈમાં જીત મેળવી છે.

મોડાસાના ધારાસભ્યના ફાર્મ હાઉસ પર ચોરી કરનાર

કુખ્યાત ચાંદટેકરીના આરીફ ખ્યાલી મુલતાનીના ઘરે પોલીસ રેડ

અરવલ્લી જીલ્લાના મોડાસા નગરપાલિકાના ચાંદ ટેકરી વિસ્તારમાં રહેતા પશુ ચોરીમાં ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પંકાયેલા કેટલાક અસામાજિક તત્ત્વો પશુ ચોરી સાથે ઘરફોડ ચોરી કરી પોલીસતંત્રના

નાકે દમ લાવી દીધો છે. ધનસુરા તાલુકાના ગુજેરી ગામે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરના ફાર્મ હાઉસમાં અને કમલીયા ગામના ખેતરમાં ઘર બનાવી રહેતા ખેડૂતના ઘરે ત્રાટકી સરસમાનની ચોરી કરનાર ગેંગના મુખિયા ચાંદટેકરીના આરીફ ખ્યાલી મુલતાની ઘરે નવનિયુક્ત ભરત બસિયા અને જીલ્લા પોલીસતંત્રએ સંયુક્ત રેડ કરી ચોરાયેલ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી પોલીસને થાપ આપી રફુચક્કર થઈ જતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા શહેરના કુખ્યાત ચાંદ ટેકરી વિસ્તારમાં પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓ પર રેડ દરમિયાન અગાઉ હુમલાની ઘટનાઓ બનતા એકલ-દોકલ પોલીસ વાહન લઈ જવાનું પણ મુનાસીબ સમજતા નથી તેવો ખોફ છે. ચાંદટેકરી વિસ્તારમાં પશુ ચોરી, ઘરફોડ ચોરી અને ગોરખધંધામાં સંકળાયેલા કેટલાક અસામાજિક તત્ત્વો પોલીસરેડ સમયે મહિલાઓને આગળ કરતા હોવાથી પોલીસતંત્ર માટે પણ રેડ કરવી માથાના દુખાવા સમાન બની રહે છે. ત્યારે ધનસુરા તાલુકાના ગુજેરી ગામે આવેલ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરના ફાર્મ હાઉસમાં અને કમાલિયા ગામે ખેતરમાં રહેતા બદલભાઈ ભીખાભાઈ ખાંટના મકાનમાંથી તમામ સરસામાન અને રાચરચીલું ઉઠાવી જતા આ અંગે ધનસુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતા બંને ઘરફોડ ચોરીમાં ચાંદટેકરીનો કુખ્યાત આરીફ ખ્યાલી મુલતાની અને તેની ગેંગ સંડોવાયેલી હોવાની બાતમી મળતા ડીવાયએસપી ભરત બસિયા, એલસીબી પીઆઈ મનીષ વસાવા, એસઓજી પોલીસ, ટ્રાફિક પોલીસ, ધનસુરા પીએસઆઈ કે.એસ. સીસોદીયા સહીત જિલ્લાની પોલીસે સંયુક્ત રેડ કરતા ચાંદટેકરી વિસ્તારમાં ભારે દોડધામ મચી હતી. આરીફ ખ્યાલી મુલતાનીના ઘરેથી ચોરીનો સોફાસેટ, ડાયનિંગ ટેબલ ખુરશીઓ, પ્લાસ્ટિકની ખુરશીઓ, ટીવી, ગેસ બોટલ-૨૦, સગડી, ઘઉં-મકાઈ ભરેલ પીપ ઘરવખરીનો સામાન મળી કુલ ૪૨૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી રેડ જોઈ ફરાર આરીફ ખ્યાલી મુલતાનીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ દ્વારા કોરોના મહામારી અંતર્ગત ખૂબ જ જરૂરિયાતમંદ કુટુંબોને રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. વિતરણ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળના મહામંત્રી રણજીતકુમાર વણકર, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લીના અધ્યક્ષ મિનેશકુમાર પટેલ તથા પ્રજ્ઞેશભાઈ શર્મા તથા અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળના પ્રમુખ જીતેન્દ્રકુમાર પંડ્યા, મહામંત્રી અશ્વિનકુમાર રાઠોડ, મોડાસા તાલુકા ઉત્કર્ષ મંડળના પ્રમુખ કમલેશભાઈ પરમાર, મંત્રી વિનુભાઈ રાઠોડ, માલપુર તાલુકા ટીચર્સ મંડળીના પ્રમુખ જયંતિભાઇ પ્રણામી અને ઉત્કર્ષ મંડળના શિક્ષકોએ હાજરી આપી હતી.

કાયદો અને કાનૂન ● યોથા પાનાનું ચાલુ

પહોંચે એવી સરકારે વ્યવસ્થા કરવી જોઈએ. એનજીઓએ સારૂ કામ કર્યુ છે. લોકોને મફત અનાજ રાશની કિટો ગુજરાતના ટ્રસ્ટો, સંસ્થા અને મંડળીઓએ ઘરે ઘરે પહોંચાડવાનું માનવીય કામ કરવામાં આવ્યું છે. આ કામ સરકારે કરવું જોઈએ તંત્રએ લોકડાઉન કરતા પહેલા પુરતો પુરવઠો છે કે નહિ તેની કાળજી રાખી લોકોને અનાજ, પાણી પુરૂ પાડવા માટે પ્રયાસ કરવો જોઈએ. કોઈ વ્યક્તિ ભુખ્યો સુવે નહિ તથા દર્દી દવા વગર મરે નહિ તે જોવાનું કામ તંત્રનું છે.

બીજી તરફ તંત્રએ જણાવ્યુ છે કે જો લોકડાઉનના નિયમો તોડશો તો કાયદાનો ભય રહેશે. કાયદો કાયદાનું કામ કરશે. અન્ય વિસ્તારમાં અવરજવર કરવા કન્ટેનમેન્ટ એરીયામાંથી પસાર થવા ઉપર પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. સમજાવટ છતાં નહિ માનનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. વાહન જપ્ત કરવામાં આવશે.

લોકડાઉન-૪ માં લાગુ નવા નિયમોની આમ જનતાને અખબાર તથા મીડીયા મારફતે જાણકારી આપવામાં આવી રહી છે. સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું ફરજીયાત છે. માસ્ક તથા સેનેટાઈઝ સહિતના નિયમોનું પાલન કરવું એ છુટછાડ અપાયેલા વિસ્તારોમાં પણ ફરજીયાત છે. સોશ્યલ ડિસ્ટન્સ જાળવવામાં નહિ આવે ત્યાં બંધ કરવાની પોલીસને સત્તા આપવામાં આવી છે. સાંજે ૭ થી સવારે ૭ સુધી સ્વયંભુ જનતા કરફર્યુનું પાલન કરવાની જવાબદારી તમામ નાગરિકોની છે. વ્યક્તિગત લાભ ભુલીને સમાજનના હિતમાં શિસ્ત સયંમથી કોરોના સામે સુરક્ષા કરવા પોલીસવડાએ જણાવ્યું છે.

લોકડાઉન ૧ થી ૪ દરમ્યાન માત્ર અમદાવાદમાં જ ૧૭૦૦૦ ઉપરાંત ગુન્હા નોંધી ૨૫૦૦૦ ઉપરાંત પ્રજાની ધરપકડ કરવામાં આવી છે. છુટછાડ વચ્ચે પણ લોકડાઉનના નિયમોનું ભંગ કરશે અથવા તોડશે તો કાયદાનો કોરડો અવશ્ય વિઝવામાં આવશે. કન્ટેનમેન્ટ વિસ્તારમાં અવરજવર કરવા સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો છે. માત્ર સેવાકિય પ્રવૃત્તિ કરતા આવશ્યક લોકોને જ જવા દેવામાં આવશે. અન્ય વિસ્તારમાં ધંધા રોજગાર પર જવા આવવા સંપૂર્ણ પ્રતિબંધ છે. તેમ છતાં કન્ટેનમેન્ટ વિસ્તારમાંથી જતા લોકોના વાહનો જપ્ત કરવા પોલીસ વડાએ હુકમ કરેલ છે.

સાંજ ૪ વાગ્યા સુધીમાં લોકોએ રોજગારી બંધ કરી સાંજે ૭ વાગ્યા સુધી ઘરમાં પુરાઈ જવું તથા જે વિસ્તારમાં કન્ટેનમેન્ટ છે ત્યાં ધંધા ઉદ્યોગ ખોલવા નહિ દુકાનો સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા સુધી જ ખુલી રાખી શકાશે.

ધાર્મિક, સાંસ્કૃતિક મેળાવડા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. લગ્નમાં ૫૦ વ્યક્તિ અને મરણમાં ૨૦ વ્યક્તિની જ પરવાનગી આપવામાં આવે છે વધુ લોકો ભેગા થતા તેમના ઉપર કેસ કરવામાં આવશે. બાગ બગીચા, શોપીંગ મોલ, સીનેમા, શાળા કોલેજ, જીમ, સ્વીમીંગ પુલ વિગેરે સંપૂર્ણ બંધ રાખવા જણાવ્યું છે. જે આમ જનતાના લાભાર્થે છે. જનતાની સુખાકારી એ જ પ્રથમ ઉદ્દેશ છે. નિયમોનું પાલન ના કરાય તો એફઆઈઆર નોંધવા માટે ગુજરાત પોલીસ કટીબધ્ધ છે.

ગરમ શહેર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધતા નાગરિકો બેચેની અનુભવી રહ્યા છે. દિવસની ગરમી સહન થતી નથી અને રાત્રિના સમયે ઘરની બહાર નિકળવાની મનાઇ હોવાથી નાછુટકે ઘરમાં જ કેદ થઇને રહેવુ પડે છે. ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૧.૮ ડીગ્રી ઉંચકાયો હતો. જેના લીધે આજે સવારથી પડતા જ આકરી ગરમી સહન કરવાનો વારો આવ્યો હતો. ગરમી હવે હદ વટાવતા નાગરિકો મુંઝારો અનુભવી રહ્યા છે.

શહેરમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં વધુ બે કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. આ બે કેસમાં એક મહિલા દર્દી અને એક પુરૂષ દર્દી હોવાનું જાણવા મળેલ છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે સે.૨૧ માંથી વધુ એક કેસ મળ્યો છે. આ દર્દી સંક્રમિત પરિવારની જ સભ્ય હોવાનું જાણવા મળેલ છે. સાંજે આ મહિલા દર્દીને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યાનું પણ જાણવા મળેલ છે. આ ઉપરાંત ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામના એક યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં નોંધાયેલા ૮૫ દર્દીઓ પૈકી ૫૦ દર્દી રિકવર થઈ જતાં તેમે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી દેવાયા છે. આજે એક મહિલા દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં હાલ ૪૯૦ વ્યક્તીઓ ક્વોરોન્ટાઈન હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગ્રામ્ય...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને માણસા અર્બનમાં એક-એક કેસ નોંધાયો હોવાનું જાણવા મળેલ છે. માણસા તાલુકાના પુંધરા ગામે મુંબઈથી આવેલ એક વ્યક્તીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભીમપુરા ગામેથી આજે વધુ ૧ કેસ મળેલ છે. ભીમપુરામાં એક ૬૭ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા અર્બનમાંથી પણ આજે પહેલો કેસ કોરોના પોઝીટીવનો નોંધાયો છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દી આરોગ્યતંત્ર સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીને ગાંધીનગર ખાતે પ્રતિનિયુક્તી દરમ્યાન ફરજો બજાવી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન રાજ્ય સરકારે આજે મોડી સાંજે જાહેર કરેલ કે જિલ્લામાં ૧૧ કેસ નોંધાયા છે. જો કે ચાર કેસ મનપા વિસ્તારમાં નોંધાયા છે જ્યારે સાત કેસ ગ્રામ્ય વિસ્તારના હોવાનું જાણવા મળેલ છે.

બેકાબૂ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ભારતમાં સતત ત્રીજા દિવસે કોરોનાના પોઝિટિવ કેસના દર્દીઓનો નવો રેકોર્ડ જોવા મળ્યો છે. રવિવારે સવારે આઠ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૬ હજાર ૭૬૭ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે તેના હેલ્થ બુલેટિનમાં માહિતી આપી છે કે, દેશમાં કોરોનાના કુલ ૧ લાખ ૩૧ હજાર ૮૬૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે આ સમયગાળા દરમિયાન ૩૮૬૭ ના મોત થયાં છે. એ પહેલા બે દિવસમાં અનુક્રમે ૬,૦૮૮ અને ૬,૬૫૪ નવા કેસો બહાર આવ્યાં હતા.. મંત્રાલયના જણાવ્યા અનુસાર દેશમાં અત્યાર સુધીમાં કુલ ૭૩,૫૬૦ એક્ટિવ કેસ છે. તેમજ અત્યાર સુધીમાં ૫૪,૪૪૧ દર્દી સ્વસ્થ થયાં છે. દર્દીઓના સ્વસ્થ થવાનો વર્તમાન દર ૪૧.૨૮ ટકા છે.

શનિવારે સૌથી વધુ ૬ હજાર ૬૬૧ દર્દી ઉમેરાયા હતા. મહારાષ્ટ્રમાં ૨૬૦૮, તમિલનાડુમાં ૭૫૯, દિલ્હીમાં ૫૯૧, ગુજરાતમાં ૩૯૬, ઉત્તર પ્રદેશમાં ૨૮૨, મધ્ય પ્રદેશમાં ૨૦૧ અને રાજસ્થાનમાં ૨૪૮ દર્દી મળ્યા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગના મતે દેશમાં ૧ લાખ ૩૧ હજાર ૮૬૮ દર્દી મળ્યા છે. આ પૈકી ૭૩ હજાર ૫૬૦ દર્દીનો ઈલાજ ચાલી રહ્યો છે. જ્યારે ૫૪ હજાર ૪૪૦ દર્દીને સારૂ થઈ ગયુ છે અને ૩૮૬૭ લોકોના મોત થયા છે.

દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના સૌથી વધુ ૪૭,૧૯૦ કેસ મહારાષ્ટ્રમા નોંધાયા છે. આ ઉપરાંત તમિલનાડુમાં ૧૫,૫૧૨ કેસ છે અને તે બીજા ક્રમે છે જ્યારે ગુજરાત ૧૩,૬૬૪ કેસ સાથે ત્રીજા ક્રમે છે. દિલ્હીમાં ૧૨,૯૧૦ કેસ રહેતા તે પણ કોરોના કેસોના ટોપ ફાઈવ રાજ્યની યાદીમાં આવે છે. રાજસ્થાનમાં કુલ ૬,૭૪૨ કેસ નોંધાયા છે.

વિમાની સેવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ સંબંધિત એજન્સીઓ મુસાફરો સાથે શું કરવું અને શું ન કરવું તેની સૂચિ જારી કરશે. કોવિડ -૧૯ ના હળવા લક્ષણો ધરાવતા મુસાફરોને કોવિડ કેર સેન્ટર અથવા ઘરેથી સ્થાનને અલગ પાડવાનો વિકલ્પ આપવામાં આવશે. તેમજ તેમનું આઈસીએમઆર પ્રોટોકોલ મુજબ પરીક્ષણ કરવામાં આવશે. જો વ્યક્તિ પરીક્ષણમાં સકારાત્મક જોવા મળે છે, તો તેઓએ ક્લિનિકલ પ્રોટોકોલ હેઠળ કોવિડ કેર સેન્ટરમાં રહેવું પડશે અને જો મુસાફરો નકારાત્મક જોવા મળે છે તો તેને ઘરે જવા દેવામાં આવશે. પરંતુ તેઓએ પોતાને બીજા ૭ દિવસ માટે અલગ રાખવી પડશે જેથી તેમના સ્વાસ્થ્ય પર નજર રાખી શકાય. જો કોઈ લક્ષણો દેખાય છે, તો જિલ્લા નિરીક્ષણ અધિકારી અથવા રાજ્ય / રાષ્ટ્રીય કોલ સેન્ટર (૧૦૭૫) ને જાણ કરવામાં આવશે. આરોગ્ય મંત્રાલયે રવિવારે ઘરેલુ મુસાફરી માટેની માર્ગદર્શિકા જારી કરી હતી, મુસાફરોને રાજ્યોના એરપોર્ટ, રેલ્વે સ્ટેશન અને બસ બેસોના પ્રસ્થાન સ્થળો પર તેમના મોબાઈલ અને થર્મલ પર આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરવાની સલાહ આપી હતી. મંત્રાલયે કહ્યું કે લક્ષણો વિના મુસાફરોને સ્વ-નિરીક્ષણ પરામર્શ સાથે ૧૪ દિવસ મુસાફરી કરવાની છૂટ આપવામાં આવશે.

ચાર આતંકીઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસ અને ભારતીય સેનાના જોઈન્ટ ઓપેરશનમાં આ કાર્યવાહીને અંજામ અપાયો. સુરક્ષાદળોએ વિસ્તારને ઘેરીને સર્ચ અભિયાન ચલાવ્યું અને ચાર આતંકીઓને જીવતા દબોચ્યા. જેમાંથી એક લશ્કરનો ટોપ મોસ્ટ આતંકી વસીમ ગની પણ સામેલ છે. પકડાયેલા અન્ય ૩ લોકો વિસ્તારમાં આતંકવાદીઓને આશરો ઉપલબ્ધ કરાવતા હતાં. આ સાથે જ વિસ્તારમાં દહેશત ફેલાવવામાં મદદ કરતા હતાં. અત્રે જણાવવાનું કે છેલ્લા કેટલાક દિવસોથી ઘાટીમાં પાકિસ્તાની આતંકીઓ કોઈ મોટી વારદાતને અંજામ આપવાનું ષડયંત્ર રચી રહ્યાં હતાં. આ અગાઉ પણ સુરક્ષાદળોએ ૧૬મી મેના રોજ બડગામના અરિજલ ખાનસૈબ વિસ્તારમાં એક સુરંગની ભાળ મેળવી હતી. આ સાથે જ લશ્કર એ તૈયબાના મદદગાર ઝહૂર વાની સહિત ચાર લોકોની ધરપકડ કરી હતી. ત્યારથી પોલીસ અને આર્મીને આ લોકોના સાથીઓની તલાશ હતી.

જવાનોને ગોઠવ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી માહિતી મુજબ ભારતે લેહની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડિઝાઈનના કેટલાક એકમોને આગળ ધપાવ્યા છે. ઘણી વધુ બટાલિયન પણ લદ્દાખ ખસેડવામાં આવી છે. ૫ મેના રોજ પૂર્વી લદ્દાખમાં આશરે ૨૫૦ ચીની સૈનિકો અને ભારતીય સૈનિકોની ટક્કર થ